## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



મારી ચકીને મોબાઇલ લેપટોપમાં નાની હતી ત્યારથી બધી ખબર પડે... પણ એને શું ખાવુ... ક્યારે ખાવુ ઇ જરાય ખબર નથી પડતી...!!

# ચિલોડા ગામમાં મચ્છરનાશક દવાનો છંટકાવ



ચોમાસું માં ગ્રામ્ય કક્ષાએ ખા ડાખાબોચિયા માં મચ્છરો નો ઉપદ્રવ વધી જતો હોય છે મચ્છર થી ફેલાતો રોગ મેલેરિયા ને અંકુશમાં લેવા માટે ચિલોડા ગ્રામપંચાયત દ્વારા મચ્છર નાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેરના ઘ-૫ વિસ્તારમાં જ ગટર પાણી ઉભરાતાં એલ.આઈ.સી.ની કચેરી પાસે ગંદકીના થર જોવા મળી રહ્યા છે.

● ગાંધીનગર જિલ્લામાં મતદાન મથકોના પુનઃ ગઠનની કાર્યવાહી તંત્રએ વેગીલી બનાવી.

● ગાંધીનગર જિલ્લાની વિવિધ કચેરીઓમાં આજે મુલાકાતીઓની સંખ્યા ઘણી ઓછી જણાઈ હતી.

● ગાંધીનગર અમદાવાદ વચ્ચેની સીટી બસોની અનિયમિતતાએ લોકોમાં ચર્ચા જગાવી છે.

● ગાંધીનગર શહેરમાં મચ્છરોની ડેન્સીટી વધતાં લોકોમાં ભયની લાગણી જોવા મળી રહી છે.

● ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મૂષકોનો ત્રાસ વધવા પામ્યો છે. આ ઉપરાંત નીલ ગાયોથી પણ ખેડૂતો હવે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

● નારદીપુર ઊમરીબા કેમ્પસમાં ચાલતી રંગોલી પ્રી પ્રાયમરી સ્કૂલના ઈન્ચાર્જ કુ. કિનલ પટેલને બેસ્ટ મેનેજમેન્ટ કેમ્પસ માટેના એવોર્ડથી સન્માનિત કરાયા.

● દહેગામમાં વીજ કચેરીના ધાંધિયાથી લોકોએ પિત્તો ગુમાવ્યો અને વીજકચેરીમાં હલ્લાબોલ કર્યુ.

● દહેગામના હિલોલ ગામે ઉછીના પૈસા બાબતે બે સગા ભાઈઓ બાખડ્યા.

● જલુંદ ગામે ગંજી પાનાનો જુગાર રમતા ૪ ઈસમો પોલીસે ઝડપી લીધા.

● શાહપુર સર્કલ પાસે અજાણ્યા કારચાલકે વાહનને ટક્કર મારી ધાક ધમકી આપી.

● દહેગામના બિલામણા ગામના સ્મશાન ગૃહના પતરાં ચોરવાનો પ્રયાસ કરાયો.

● દહેગામના નાંદોલ ફાટક પાસે જાહેરમાં જુગાર રમતા ૩ ઈસમો ઝડપાયા.

● ગાંધીનગરના બગીચાઓમાં ટ્યુબવેલ બનાવતી કંપનીનો સામાન ચોરાતા ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

● માણસા તાલુકા શિક્ષક મંડળીની વાર્ષિક સાધારણ સભા યોજાઈ.

● કલોલમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોનું વેચાણ કેન્દ્ર શરૂ કરાયુ.

● સમસ્ત બ્રહ્મસમાજ પાલજ શાખા દ્વારા વિદ્યાર્થી પુરસ્કાર વિતરણ અને સ્નેહમિલન કાર્યક્રમની ઉજવણી કરાઈ.

● ગાંધીનગર શહેરમાં ટ્રાફિકનું ભારણ આજે ઓછુ જણાયુ હતુ.

# ચાલકે કાબુ ગુમાવતા કાર ડીવાઈડર પર ચડી ગઈ



ગાંધીનગર શહેરના સેકટર-૨૧ માઉન્ટ કાર્મેલ સ્કુલ નજીક અચાનક કારના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા કાર ડીવાઈડર પર ચડી ગઈ હતી. જો કે આ બનાવમાં કોઈ જાનહાની થવા પામી નથી. પરંતુ કાર નં. જી.જે.૧૮.એ.સી.-૩૪૮૧ ના આગળના ભાગનો ખુડદો બોલાઈ ગયો છે. અકસ્માત સ્થળે નાગરીકો મોટીસંખ્યામાં ટોળે વળ્યા હતા.

# જ્ઞાન સહાયક ભરતી યોજનાના વિરોધમાં ટેટ-ટાટ પાસ ઉમેદવારોના ધરણા

ગાંધીનગર, તા.૧૮

રાજયના ટેટ-ટાટ પાસ બેરોજગાર ઉમેદવારો દ્વારા જ્ઞાન સહાયક યોજનાનો વિરોધ નોંધાવી રહ્યા છે. ત્યારે આજે ગાંધીનગર ખાતે ઉમેદવારો મોટીસંખ્યામાં ઉમટી પડીને જ્ઞાન સહાયક કરાર આધારીત ભરતી મુદ્દે ધરણા પ્રદર્શન યોજી રામધુન કરી વિરોધ નોંધાવ્યો હતો. ત્યારે પોલીસે વિરોધ નોંધાવી રહેલા ૨૦૦ થી વધુ ઉમેદવારોને ડીટેઈન કર્યા હતા.

રાજય શિક્ષણ વિભાગ દ્વારા જ્ઞાન સહાયક યોજના બહાર પાડવામાં આવી છે.

જેમાં જ્ઞાન સહાયક તરીકે ૧૧ માસના કરાર આધારીત ભરતી કરવામાં આવશે. આ જ્ઞાન સહાયકોને રૂ.૨૬,૫૦૦ પગાર આપવામાં આવશે. જેથી ટેટ અને ટાટ પાસ ઉમેદવારોને અન્યાય થઈ રહ્યો હોવાની વ્યાપક ફરીયાદો ઉઠી છે.

આ યોજના અમલ થતા વર્ષોથી રાત દિવસ મહેનત કરી ટેટ ટાટ પાસ ઉમેદવારોનું સરકારી શિક્ષક બનવાનું તુટી જશે અને તેમનુ ભાવિ અધંકારમય બનવાની સંભાવના છે. ત્યારે પોતાની માંગ લઈને ઉમેદવારો ગાંધીનગર ખાતે ઉમટી પડ્યા હતા.

તેઓએ કહ્યુ કે ગુજરાતના વિદ્યાર્થીઓના શિક્ષણના વિશાળ હિત અને હજારો ટેટ ટાટ પાસ બેરોજગાર ઉમેદવારોના હિતમાં કરાર આધારીત શિક્ષકોની જગ્યાએ વહેલામાં વહેલી તકે કાયમી શિક્ષકોને ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવે. કેટલાક દિવસોની રાત દિવસની મહેનત બાદ પરિક્ષા પાસ કરી છે.

છતા સરકાર દ્વારા કોન્ટ્રાકટ પધ્ધતિથી ભરતી કરી ભાવિ શિક્ષકો સાથે અન્યાય કરવામાં આવી રહ્યો છે.રાજયના શિક્ષણ વિભાગ દ્વારા જ્ઞાન સહાયક યોજના બહાર પાડવામાં આવી છે.

જેને પગલે ૫૧ માસના કરાર આધારીત ભરતી કરવામાં આવશે. જેથી સીધી અસર ગુજરાતના બાળકોના શિક્ષણ અને રાજયના વર્તમાન ટેટ-ટાટ પાસ બેરોજગાર ઉમેદવારો પર થશે. ત્યારે સરકારના એક નિર્ણયથી રાત-દિવસ મહેનત કરીને ટેટ-ટાટ જેવી દ્રિસ્તરીય પરિક્ષા પાસ કરેલા ઉમેદવારોનું સરાકરી શિક્ષક બનવાનું સપનુ રોળાઈ જવાનું છે. ગુજરાતના ભવિષ્ય એવા વિદ્યાર્થીઓના શિક્ષણના હિતમાં અને હજ્જારો ટેટ ટાટ પાસ બેરોજગાર ઉમેદવારોને કાયમી સરકારી શિક્ષકની રોજગારી મળી રહે તે માટે જ્ઞાન સહાયક કરાર આધારીત ભરતીની જગ્યાએ વહેલામાં વહેલી તકે કાયમી શિક્ષકોની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# શહેરમાં ભગતસિંહની પોસ્ટ મુકવા મુદ્દે બે મિત્ર પર ચાર શખ્સોએ હુમલો કર્યો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરમાં ભગતસિંહની પોસ્ટ મુકવા અંગે બે મિત્રો પર ચાર વ્યકિતએ ગડદાપાટુનો માર મારી ધારીયા-ધોકાથી હુમલો કરતા ચકચાર મચી જવા પામી છે. સેકટર-૩૦ યામાહા શો રૂમની પાછળના ભાગે જાહેરમાં હુમલો થતા સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો.બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ચાર વ્યકિત સામે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. મળતી વિગત મુજબ શહેરના સેકટર-૩૦ ૬૩૭-૭ બી ટાઈપ ખાતે રહેતા મંથન ભરતભાઈ સોલંકી તેમના મિત્ર રાજેન્દ્રભાઈ સાથે સેકટર-૩૦ યામાહા શો રૂમની પાછળના ભાગે સીગરેટ પીવા માટે બેઠા હતા. તે સમય દરમિયાન ગાડી લઈને ચાર શખ્સો થાર ગાડી નં.જી.જે. ૧૮. બી. એસ.-૪૦૩૩ લઈને આવ્યા હતા. ત્યારે ચાર શખ્સો પૈકી પિયુષ નામનો વ્યકિત આવીને કહેવા લાગ્યો કે મે ભગતસિંહની પોસ્ટ મોબાઈલમાં મુકી હતી. તે બાબતે તું શુ કહેતો હતો. જેથી મંથને કહ્યુ કે ભગતસિંહની ગંદી પોસ્ટ તારે ના મુકવી જોઈએ અમે ભગતસિંહના સમર્થકો છીએ. તેથી પિયુષ અને આ ગાડી લઈને આવેલા શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા. તેઓ ગમે તેમ ગાળાગાળી કરવા લાગ્યા હતા.ત્યારે ગાળો બોલવાની ના પાડતા તે શખ્સો ઉશ્કેરાઈ જઈને ગડદાપાટુનો માર મારી ધારીયા-ધોકાથી હુમલો કર્યો હતો. બનાવની જાણ થતા આસપાસના નાગરીકો દોડી આવીને વધુ મારમાંથી બંને મિત્રોને છોડાવ્યા હતા. જયારે ચારેય જણા જતા જતા જાનથી મારી નાંખવાની ધમકી આપી જતા રહ્યા હતા. બંન્ને ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ગાંધીનગ ૨ ખાતે ખસેડાયા હતા. સેકટર-૨૧ પોલીસ મથકે મંથન સોલંકીએ પિયુષ પરમાર, યશવંત પ્રહલાદભાઈ રાવળ, પ્રહલાદ ભાઈ રાવળ, અને કાવ્યા પાંડોર સામે ફરીયાદ નોંધાવી છે.

# અંબાપુર પાસે ફાર્મ હાઉસમાં થયેલી ચોરીનો ભેદ એલસીબી-૧ પોલીસે ઉકેલી દીધો

## પોલીસે બે શખ્સોની ધરપકડ કરી રૂ.૫૪ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના અંબાપુર ગામના પાટીયા નજીકથી એલસીબી-૧ પોલીસે બે શખ્સોને ચોરીની ચીજવસ્તુ ગેસની બોટલ, કેબલ વાયરો, સબ મર્સીબલ મોટર, એલઈડી હેલોજન, બાઈક મળી કુલ રૂ.૫૪ હજારથી વધુના મુદ્દામાલ સાથે દબોચી પાડી કોબા નજીક ફાર્મ હાઉસમાંથી થયેલી ચોરીનો ભેદ ઉકેલી નાંખ્યો છે.



મળતી વિગત મુજબ એલસીબી-૧ પીઆઈ ડી.બી.વાળાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા. તે સમયે પોલીસને બાતમી મળી હતી કે કોબા સર્કલ થી બાલાપીર જતા અંબાપુર ગામના પાટીયા નજીક ઉભા રહેલા બે શખ્સો શંકાસ્પદ લાગી રહ્યા છે. જેથી પોલીસે સ્થળ પરથી અશોકજી સુરસંગજી ઠાકોર તેમજ ભરતજી બાબુજી ઠાકોર (બંન્ને રહે.અંબાપુર ગામ) ને પકડી પાડ્યા હતા. પોલીસે તેમની પાસેથી એક ઈન્ડીયન ગેસની બોટલ, એક સબમર્સિબલ મોટર, ૨૯૦ ફેટ કેબલ વાયર તેમજ એક કેસરી કલરનો ૬૦ ફુટ કેબલ વાયર, એલઈડી હેલોજન તેમજ પાના પક્કડ મળી આવ્યા છે. પોલીસે આ શખ્સોની ઉંડાણપૂર્વક પુછપરછ કરતા આજથી એક માસ પહેલા અંબાપુર ગામની સીમમાં જીએસપીએલ સ્ટેશનની સામે ફાર્મ હાઉસમાંથી આ ચીજ વસ્તુઓની ચોરી કરી હતી. અડાલજ પોલીસ મથકે આ અંગે ગુનો પણ નોંધાયો છે. ત્યારે એલસીબી પોલીસે ગસેની બોટલ, વાયરો, તેમજ બાઈક મળી કુલ રૂ.૫૪ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



શહેરમાંથી ઓવરલોડ સામાન ભરેલ વાહનો પસાર થવાની મનાઈ હોવા છતાં વિના રોકટોક શહેરની વચ્ચોવચ આવા વાહનો જોવા મળી જાય છે. વળી સામાનના કારણે ઓવરલોડ થયેલા આ વાહનો ફુલ સ્પીડે પસાર થતા હોવાથી અકસ્માતનો ભય રહે છે. ટ્રાફિક પોલીસે આ બાબતે ધ્યાન આપવાની જરૂર છે.

# સે-૧૩ બગીચામાંથી ટયુબવેલ કંપનીનો રૂ.૫૨ હજારનો સામાન ચોરાયો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના સેકટર-૧૩ ના બગીચામાંથી ઉમીયા ટયુબવેલ કંપનીનો રૂ.૫૦ હજારની કિંમતનો સામાન તેમજ હેલ્પરનો મોબાઈલ ફોન ચોરી થઈ જતા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર મનપા કોર્પોરેશન દ્વારા શહેરી વિસ્તારના બગીચા બનાવવાનો અને તેની જાળવણી રાખવાનો તેમજ તેમાં ટ્યુબવેલ બનાવવાનો કોન્ટ્રાકટ દેવર્ષ કન્સ્ટ્રકશન કંપનીને આપવામાં આવ્યો છે. જો કે ઉકત કંપની દ્વારા ગાંધીનગરના બગીચામાં ટયુબવેલ બનાવવાનો પેટા કોન્ટ્રાકટ ઉમિયા ટયુબવેલ કંપનીને આપવામાં આવ્યો છે. જેથી છેલ્લા ત્રણ માસથી ગાંધીનગર શહેરના અલગ અલગ સેકટરોમાં દેવર્ષ કંપની બગીચા બનાવે છે. છેલ્લા આઠ દિવસથી ઉમિયા ટયુબવેલ કંપનીનુ કામ ગાંધીનગર શહેરના સેકટર-૧૩ ગાર્ડનમાં ચાલી રહ્યું છે. જેથી બગીચામાં નવો ટયુબવેલ બનતો હોવાથી કંપનીનો સરસામાન બગીચાની ખુલ્લી જગ્યામાં રાખવામાં આવે છે. જયારે બગીચામાં જ કંપનીમાં કામ કરતા શ્રમિકો ટેન્ટ બાંધી રહેતા હોય છે. ગતતા.૧૬ જુલાઈના રોજ રાત્રીના સમયે સેકટર-૧૩ બગીચા ખાતે હેલ્પર તરીકે કામ કરતા પંકજ ખોખરીયા બગીચાની ખુલ્લી જગ્યામાં સુઈ રહ્યો હતો. ત્યારે બગીચાની ખુલ્લી જગ્યામાં મુકેલ ટ્રકની એકસાઈડની કંપનીની વાયર સાથેની લાલ કલરની બે નંગ બેટરી, રોડ લાઈન ખોલવાના એમ.એસ.પ્લેટના આશરે ૨૦ એમએમ જાડાઈના તેમજ આશરે અઢી ફુટની લંબાઈના બે નંગ પાણીના પંપની એસેમ્બલીના પાના મળી કુલ રૂ.૫૦ હજારનો સામાન પડી રહ્યો હતો. ત્યારે વહેલી સવારે ઉંઘમાંથી ઉઠેલા પંકજને ખ્યાલ આવ્યો કે મોબાઈલ ફોન તેમજ સામાનની પણ ચોરી થવા પામી છે. જેથી જાણ કોન્ટ્રાકટ ભાવિન પટેલ સેકટર-૧૩ ગાર્ડન ખાતે દોડી ગયા હતા. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.



ગાંધીનગર, તા. ૧૮

કલોલ તાલુકાની ગણપતપુરા પ્રાથમિક શાળાના જન્મદિવસ નિમિત્તે ગણપતપુરા ગામના અંતિમધામ આશ્રમના વિરલ બાપુ દ્વારા શાળાના તમામ બાળકોને ચાર જોડી ગણવેશ આપવામાં આવ્યા હતાં તે બદલ શાળા પરિવાર દ્વારા તેમનો આભાર માનવામાં આવ્યો હતો.

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં
પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

# ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશનના ખેલાડીઓને બેલ્ટ પ્રમોશન



ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન દ્વારા તાજેતરમાં ૩૧ જેટલા ખેલાડીઓનું બેલ્ટ પ્રમોશન ટેસ્ટ લેવામાં આવ્યાં હતાં.જેમાં ૧૫ યલો બેલ્ટ, ૮ ગ્રીન બેલ્ટ, ૪ ગ્રીન વન બેલ્ટ, ૨ બ્લુ વન બેલ્ટ, ૨ રેડ વન બેલ્ટ ની ટેસ્ટ માં ઉતરીણ થઈ બેલ્ટ પ્રમોશન મેળવ્યું છે. ઉપરોક્ત ખેલાડીઓ ને તાલીમ કોચ કૃણાલ વાઘેલા, ઋષદ બ્રામણિયા, સમર્થ ગઢવી દ્વારા આપવામાં આવી હતી. સંસ્થાના ટેકનિકલ ડારેક્ટર જતીન દવે તથા હોન. ગ્રાન્ડ માસ્ટર પ્રકાશ સંભવાની દ્વારા ખેલાડીઓને બેલ્ટ તથા સર્ટિફિકેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું.



ગાંધીનગર એસટી ડેપો ખાતે મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. કે.ડી. હોસ્પિટલના સહયોગથી યોજાયેલા આ મેડીકલ કેમ્પમાં દરેક કર્મચારીની તબીબી તપાસ કરવામાં આવી હતી.